# *Class VII*

# GUJARATI


# *SAMPLE*

# *BOOK*

| | |
|---|---|
| **પાઠ-૩** | **સવારે  સળવળ** |
| **પાઠ -૪** | **તડકો ,અધમણ ,ડાંગર ઝલમઝ** |
| પાઠ-૫ | ધોયો અને ખાધો |

## પાઠ-૩ સવારે  સળવળ

**અઘરા શબ્દો**




1. સુકાન
2. છોળ
3. ભાલ
4. રઢિયાળુ
5. અભંગ
6. રિવરફ્ન્ટ
7. હોડ
8. તફડાવી ગયું
9. પાંખ
10. સમાંતર

**શબ્દાર્થ**

1. સુકાન - જેને મરડવાથી દિશા બદલે છે તે તેની જગ્યા ના વહન નો ભાગ
2. છોળ- તરંગ.મોજું
3. ભાલ  - કપાળ
4. રઢિયાળુ - રૂપાળું ,સુંદર
5. અભંગ - આખું
6. રિવરફ્ન્ટ - નદી ના આગળ નો ભાગ
7. હોડ - શરત ,સ્પર્ધા

**સાહિત્ય**

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો**

૧) વર્ષીલ નાગ્રેચા કોણ હતા ?

જ) વર્ષીલ નાગ્રેચા ગુજરાતના સી .આઇ .ડી  અધિકારી હતા .

૨) જાનકીબહેન ની બહેનપણી નું નામ શું હતું ?

જ) જાનકીબહેન ની બહેનપણી નું નામ સરિતાબહેન હતું .

૩) જાનકીબહેન શાથી ગબડી પડ્યા ?

જ) એક પુરુષ  પાછળથી આવ્યો અને જાનકીબહેન ને અથડાયો,તેથી જાનકીબહેન ગબડી પડ્યા.

૪) વર્ષિલ વિજયને શું કહી આગળ વધ્યો ?

જ) વર્ષિલ વિજયને 'સોરી વિજય ' ,તમારી તેમે ઓલ ધ બેસ્ટ ! ' કહી આગળ વધ્યો .

૪) હોળીની હરીફાઇ કોણ જીત્યું ?

જ) હોળીની હરીફાઇ લાલ હોડીવાળા નાવિકો જીત્યા .

**નીચના પ્રશ્નો ના જવાબ સવિસ્તાર લખો**

૧) સરિતાબહેને 'સોરી મેન ' વિશે શું વર્ણન કર્યું ?

જ) સરિતાબહેને 'સોરી મેન ' વિશે કહ્યું ," તેણેઉભી લીટીવાળું ગુલાબી શર્ટ પહેરેલું છે . આગળથી તેને તાલ હતી .તેના લાંબા વાળ મહેંદી લગાવેલા હોય તેવા હતા .

૨) વર્ષીલે  વિજય સાથે વાત કરવા શું કર્યું ?

જ)   વર્ષીલે  વિજય સાથે વાત કરવા તે તેનો વર્ષો પહેલાનો મિત્ર હોય તેમ તેની સાથે વાત કરવાનો પ્લાન

કર્યો .વિજય સાથે વાત કરવા વર્ષીલે તેના ખભા પર ટપલી મારી .

૩) બીજા શકમંદ નું વર્ણન કરો

જ) બીજા શકમંદ એકદમ ટાપટીપ વાળો હતો .તેના વાળ વ્યવસ્થિત ઓળેલા હતા .તેના બુટ પોલિશ થી ચમકતા હતા . તેના કપડાં ઈસ્ત્રી ટાઇટ હતા .

**વ્યાકરણ**

નીચેના સમાનાર્થી શબ્દો લખો .

1. હોળી -નાવડી
2. મીઠો - ગળિયો
3. દ્રિતીય - બીજો
4. સ્ત્રી - મહિલા
5. રડવું – રુદન

નીચેના શબ્દોના વિરોધી શબ્દ લખો

1. વેરાવું x ભેગું કરવું
2. રૂપિયા x પેસા
3. રડવું x પુરુષ
4. સ્ત્રી x પુરુષ

નીચેના  વાક્યો કોણ બોલે છે તે લખો

1. "મેં પાંચસો ની આઠ નોટ સવારે જ મૂકી હતી " - જાનકીબહેન
2. "કોઈ ગંભીર ઘટના બની છે ?" - વર્ષિલ નાગ્રેચા
3. "હું હોળી હકારનારોનો કોચ છું." - વિજય ટડેલ
4. "સર ! બોલો ,શી વાત છે ?" - સોમુ સાગી
5. "લુક એટ મી ....... મારી સામે જો - વાર્ષિલ નાગ્રેચા

**લેખન વિભાગ**

# જન્માષ્ટમી નિબંધ

શ્રીકૃષ્ણ ભગવાન જે ભગવાન વિષ્ણુના અવતાર છે. શ્રીકૃષ્ણ ના જનમદિવસને જન્માષ્ટમી તહેવારના રૂપમાં ઉજવાય છે. શ્રાવણ વદ આઠમ  (કૃષ્ણ પક્ષ)તિથિ જન્માષ્ટમી  નિમિત્તે, ભારતભરમાં ખૂબ જ ઉત્સાહથી ઉજવાતો તહેવાર છે. તેને કૃષ્ણજન્મોત્સવ તરીકે પણ ઓળખાય છે.

જન્માષ્ટમી હિંદુઓનો વાર્ષિક તહેવારના રૂપમાં ઉજવાય છે. આ તહેવારરક્ષાબંધનના આઠમા દિવસે આવે છે. આ દિવસે લોકો ઘરમાં અને મંદિરોમાં ભવ્ય ઉજવણી કરે છે. લોકો ઘરમાં પણ શ્રીકૃષ્ણના ગોકુળિયું સજાવે છે અને આખો દિવસ ઉપવાસ પર રહે છે અને જુદી-જુદી વાનગીઓ નો ભોગ કે 56 ભોગ લગાવે છે. દ્વારકા અને મથુરામાં આ તહેવારની ભવ્ય ઉજવણી થાય  છે. લોકો કૃષ્ણભક્તિમાં ડૂબી જાય છે.

જન્માષ્ટ્મીની રાત્રે 12 વાગ્યે શ્રીકૃષ્ણનો જનમ થયો હતો.  તેથી રાત્રે 12 વાગ્યે મંદિરમાં અને ઘરોમાં પણ લોકો શ્રીકૃષ્ણનો અભિષેક, પૂજન અને આરતી કરીને ઉજવણી કરે છે.

આ દિવસે શહેરના રસ્તાઓ પર મટકી ફોડ પ્રતિયોગિતા પણ રાખવામાં આવે છે. તેનું એક ખૂબ સરસ દ્રશ્ય મુંબઈમાં જોવા મળે છે. આખો દિવસ "**ગોવિંદા આલા રે આલા જરા મટકી સંભાળ બ્રિજબાલા**" ના ગીત ગૂંજાય છે. ભારે સંખ્યામાં લોકો આ મટકીફોડનો આનંદ ઉઠાવે છે. મટકી ફોડ પ્રતિયોગિતા માટે ઈનામો પણ રાખવામાંઆવે છે. ફૂટેલી માટલીની ટુકડીને તિજોરીમાં રાખવી શુકનવંતી માનવામાં આવે છે.

શ્રીકૃષ્ણ માતા દેવકી અને વાસુદેવના પુત્ર છે. જેનો જન્મ મથુરામાં રાત્રે 12 વાગ્યે કારાગૃહમાં થયો હતો. કૃષ્ણ દેવકીની આઠમી સંતાન હતી જેને કંસ મારી નાખવાનો હતો એ ડરથી વાસુદેવ શ્રીકૃષ્ણને યમુના નદી પાર કરીને કૃષ્ણને બાબા નંદરાય અને યશોદા પાસે મૂકી આવ્યા હતા. જે કથા પ્રચલિતછે.

## પાઠ -૪ તડકો ,અધમણ ,ડાંગર ઝલમઝ

**કવિ - મહેન્દ્રભાઈ જોશી**

**લેખક - ચિનુ મોદી**

### અઘર શબ્દો

1. આવળ
2. મજૂરી
3. વલ્લર
4. ટોલનાકા
5. અણસાર
6. મહીં

### શબ્દાર્થ

1. કંઠ સુણવા - કંઠમાંથી નીકળતો અવાજ
2. આવળ - એક વનસ્પતિ
3. મજુરી - મૉર કૂંપળ
4. વલ્લરી - વેલ
5. અંકુર - ફણગો
6. મહીં – અંદર

### સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાકયમાં લખો

૧)વસંતરાય ને  તડકાને ઓરડામાંથી ભાર કાઢવા શું લાવવા કહ્યું ?

જ) વસંતરાય ને  તડકાને ઓરડામાંથી ભાર કાઢવા સાવરણી લાવવા કહ્યું .

૨)તરલિકાનું ઘર ક્યાં હતું ?

જ) તરલિકાનું ઘર નરસિંહ એપાર્ટમેન્ટ ,ટોલનાકા ,ગણેશ બિલ્ડિંગથી આગળ અમદાવાદ -૨૨ માં હતું .

૩)તરલીકાને ઓચ્છવલાલા ને શું આશ્વાસન આપ્યું

જ) તરલીકાને ઓચ્છવલાલા ને આશ્વાસન આપ્યું ," તડકો તમારાથી હજી પાંચ ફુટ આઘો છે . પછી ફિકર શું કરો  છો કાકા ?"

**નીચેના પ્રશ્નો ના સવિસ્તાર પ્રશ્નો ના જવાબ લખો**

૧)ઓચ્છવલાલા પોતાના કાન વિશે શું કહેતા ?

જ) ઓચ્છવલાલા પોતાના કાન વિશે  કહેતા," રાત દડો આપડે જાગતા ,હો રાજન .એક સહેજ સરખો સંચાર થાય અડધી રાતે તોય એ મારા કાન કુતરાથીયે ભારે ભૂંડા છે ....."

૨)ઓચ્છવલાલા તરલીકાને પૂછ્યું ," નાગદાદાએ દેખા દીધી છે ?" ત્યાં તરલિકાએ શું કહ્યું ?

જ) તરલીકાને પૂછ્યું," સાપ - સફને તો કોણ ગણે છે ? એને તો પૂંછડી એ ઝાલીને ફગોડી દઉં ....આ તો જુઓને ઓચ્છકાકા,આટલો બધો તડકો ....".

**વ્યાકરણ**

**નીચેના શબ્દો ના શબ્દસમૂહ માટે એક -એક શબ્દ લખો**

1. ઝાડ અથવા વેલાના પાંદડાથી થયેલી ઘટા - કુંજ
2. આગ બુઝાવનારી ટુકડી - ફાયબ્રિગેડ
3. આગથી સુરક્ષીત કરાયેલું - ફાયસ્પૂફ
4. સાવ તૂટ્યું હોય તેવું - જીર્ણશીર્ણ

નીચેના રૂઢિ પ્રયોગના અર્થ આપી તેનો વવકયમાં પ્રયોગ કરો .

1. ખમાતું ન હોવું - સહન ન હોવું
2. તડતડવા મળવું - ફાટુફાટુ થવા માંડવુ
3. દેખાદેખી - પ્રગટ થવું ,નજરે પડવું
4. ગાભરા ગાભરા થી જવું - ખુબ ગભરાઈ જવું

## લેખન વિભાગ

### આપેલા મુદ્દાઓ પર થી વાર્તા લખો અને તેને યોગ્ય શીર્ષક આપો :

મુદ્દા : ચાર ચોર – ચોરી કરવા જવું – પુષ્કળ માલ મળવો – જંગલમાં નાસી જવું – બે ચોરનું મીઠાઇ ખરીદવા નગરમાં જવું – મીઠાઇમાં ઝેર ભેળવવું – બીજા બે ચોરની યુક્તિ - મીઠાઇની ખરીદી કરીને આવેલા બે ચોરને કુવામાં ધકેલીદેવા – મીઠાઇ ખાવી – પરિણામ – બોધ.

### લોભી ચોર:

એક સમયે એક ગામમાં બે લોભી ચોરો રહેતા હતા. એક દિવસ તેઓ એક વૃધ્ધ માણસના ઘરે લૂંટ કરવા ગયા. વૃધ્ધ માણસ એકલો રહેતો હતો અને તેની પાસે ઘણા પૈસા હતા. પૈસા જોઇને બંને ચોર ખૂબ જ ખુશ થયા.

લૂંટ થયા બાદ ચોર ભૂખ્યા હતા, તેથી એક ચોરે બીજા ચોરને મકાનમાં થોડુંક ખોરાક શોધવા કહ્યું, જ્યારે તે પૈસાની દેખરેખ કરી રહ્યો હતો.પહેલો ચોર કંઈક ખાવા માટે વૃદ્ધાના રસોડામાં ગયો.રસોડામાં તેને મીઠાઇઓ અને સ્વાદિષ્ટ વસ્તુઓ મળી.

ચોરે મીઠાઇઓમાં ઘણાં બધાં ખાધા અને પછી તેણે વિચાર્યું કે “જો મને બધા પૈસા મળી જાય તો તે ખૂબ સરસ રહેશે, પછી મારે આખી જિંદગી મહેનત કરવાની જરૂર રહેશે નહીં, અને પછી તેણે બાકીની મીઠાઈઓમાં ઝેર ઉમેર્યું અને બીજા ચોર માટે લીધો.

પૈસાની દેખરેખ રાખનાર બીજો ચોર પણ બધા પૈસા મેળવવા માટે પ્રથમ ચોરને મારી નાખવાનું વિચારતો હતો, તેથી તેણે એક યોજના બનાવી. ઓરડામાં પહેલો ચોર દાખલ થતાંની સાથે જ બીજા ચોરે તેની પાછળથી હુમલો કર્યો. પ્રથમ ચોર જે મીઠાઇ લઈ ગયો હતો તે હુમલો થતાં તુરંત જ મરી ગયો.


બીજો ચોર ખુશ હતો, કેમ કે હવે બધા પૈસા તેના જ છે. પરંતુ તે બધા પૈસા લઈને બહાર જાય તે પહેલાં તેણે સ્વાદિષ્ટ મીઠાઈ ખાવાનું વિચાર્યું. મીઠાઈઓ ઝેરી હોવાથી, તે મીઠાઇ ખાધા પછી બીજો ચોર પણ મરી ગયો.

ચૂપચાપ આખી ઘટના જોઈ રહેલા વૃધ્ધે પોલીસને બોલાવી સમગ્ર ઘટનાનો ખુલાસો કર્યો હતો. આ બે ચોર લોભી હોવાને કારણે તમામ પૈસા અને જીવન ગુમાવી દીધા **હતા.**નૈતિક: **આપણને જે મળ્યું તેનાથી આપણે ખુશ રહેવું જોઈએ. વધુ લોભ એ મૃત્યુનો માર્ગ છે.**

પાઠ-૫ ધોયો અને ખાધો

કવિ - ઈશ્વરલાલ જોશી
લેખક - ચિનુ મોદી

**અઘરા શબ્દો**




1. ધપતી જાય
2. પટ
3. નવાણ
4. નવજાત
5. નોખું
6. ગોતી
7. હેળમેળ કરાવવો
8. દિલચસ્પી
9. વેણ
10. કહેણ

**શબ્દાર્થ**

1. ધપતી જાય - આગળ ધસતી જાય .
2. પટ - નદીની પહોળાઇ
3. નવાણ - સ્નાન
4. નવજાત- નવું તરતનું જન્મેલું
5. ગોતીવું - શોધવું
6. હેળમેળ કરાવવો - સંપ કરાવવો
7. દિલચસ્પી - રસ ,રુચિ
8. વેણ - વચન
9. કહેણ- તેડું ,નોતરું

**સાહિત્ય**

નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો

૧)કોને નવજાત બચ્ચાં પર સખત નફરત હોય છે ?

જ)નર રીછ ને પોતાના નવજાત બચ્ચાં પર સખત નફરત હોય છે.

૨)નર રીછ અને માંદા રીછ ના નામ શું હતા ?

જ)નર રીછ નું નામ પહેલવાન અને માંદા રીછ ના નામ ધાબળધીગી હતું .

૩)પહેલવાન કોના થી ડરતો હતો ?

જ) પહેલવાનતેની પત્ની થી ડરતો હતો .

૪)શિયાળામાં પહેલવાનની બખોલ ક્યાં હતી ?

જ)શિયાળામાં પહેલવાનની બખોલ વાડા ને બીજે છેડે હતી .

**નીચેના પ્રશ્નો ના સવિસ્તાર પ્રશ્નો ના જવાબ લખો**

૧) માંદા રીછ નવજાત બચ્ચાં ની સારસંભાળ કેવી રીતે રાખતી ?

જ) નર રીછ બચ્ચાં તરફ ત્રાસી નજર નાખતો રહેતો અને ઘણી વાર તો ભારે પજ ફટકારવાની કોશિશ કરતો પરંતુ માંદા રીછ તેને આઘો ને આઘો જ રાખતી .નર રીછ નજીક આવે કે તરત માંદા રીછ તેથી અને બચ્ચાં ની વચ્ચે ઉભી રહી જતી . આરીતે સાવધાન રહી માંદા રીછ નવજાત બચ્ચાંની સાર સંભાળ રાખતી .

**વ્યાકરણ**

**નીચેના શબ્દો ના વિરોધી શબ્દ લખો**

1. નરX માદા
2. સૂએ X જાગે
3. વસંત Xપાનખર
4. જોરાવરXઅશક્ત
5. નફરત X પ્રેમ
6. પીછે હઠ X આગે કૂચ

**નીચેના વાક્યો ખરા કે ખોટા તે જણાવો**

1. શિયાળામાં ધાબડીગીને બે બચ્ચાં આવ્યા . X
2. પહેલવાન કદમ ધાબ ડ ધિંગી થી બમણો અને ઘણો વધારે જોરાવર હતો .√
3. શિયાળામાં ધાબ ડ ધિંગી બચ્ચાં ભેગી સૂતી .√
4. વસંતઋતુમાં રીચના કુટુંબમાં ગંભીર ઝઘડા થયા .કે ખોટા તે જણાવો X

## લેખન વિભાગ

**નીચેના કાવ્ય પઁક્તિ પૂર્ણ કરો** .

1. હાડચામડા ________________

________________લબલબ .

2. મધપૂડા નું ________________

________________ભાગ્યા .

.